
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૪૨ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૧, મંગળવાર; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કોરોનાના ભય વચ્ચે શેરબજાર ધડામ

**સેન્સેક્સમાં ૧૧૪૫, નિફ્ટીમાં ૩૦૬ પોઈન્ટનો મોટો કડાકો : મહારાષ્ટ્ર સહિત અનેક રાજ્યોમાં કોરોના કેસ વધતાં બજારમાં ચિંતા : સૌથી વધુ ઘટાડો ટેક મહિન્દ્રા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં જોવા મળ્યો, બેંક શેર્સમાં પણ આજે જોરદાર કડાકો : રિલાયન્સ, ટીસીએસમાં પણ ઘટાડો**



મુંબઈ, તા. ૨૨

હજુ ગયા અઠવાડિયે જ ૫૨,૫૧૬નો ઓલટાઈમ હાઈ બનાવનારા સેન્સેક્સમાં માત્ર ચાર જ ટ્રેડિંગ ડેમાં ૨૫૦૦ પોઈન્ટ્સનો જંગી ઘટાડો નોંધાયો છે. આજે સવારે માર્કેટ ખૂલ્યું ત્યારે પાછલી બંધ સપાટી કરતાં સાવ સામાન્ય વધારા સાથે સેન્સેક્સ ટ્રેડ કરી રહ્યો હતો. જોકે, થોડા જ સમયમાં વેચવાલી નીકળતા તેમાં કડાકો બોલાયો હતો, માર્કેટ બંધ થયું ત્યારે સેન્સેક્સ ૧૧૪૫ પોઈન્ટ્સના ઘટાડા સાથે ૪૯,૭૪૪ની સપાટી પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૩૦૬ પોઈન્ટ તૂટી ૧૪૬૬૭ પર પહોંચ્યો હતો.

મહારાષ્ટ્ર સહિત દેશના કેટલાક ભાગોમાં કોરોનાના કેસો ફરી વધવા લાગ્યા છે, અને મહારાષ્ટ્રના અમરાવતીમાં તો લોકડાઉન કરવાની ફરજ પડી છે ત્યારે કોરોનાનો બીજો રાઉન્ડ આવશે કે કેમ તે ભીતિએ શેરબજારમાં વેચવાલીનું દબાણ જોવા મળી રહ્યું છે. આજે માર્કેટ બંધ થયું ત્યારે સેન્સેક્સના ૩૦ શેર્સમાં સૌથી વધુ ઘટાડો ટેક મહિન્દ્રા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં જોવા મળ્યો હતો. આ શેર્સ અનુક્રમે ૪.૮૫ અને ૪.૨૮ ટકાના ઘટાડા સાથે ૯૪૬ અને ૮૩૮ રુપિયાના સ્તરે બંધ થયો હતો. જ્યારે ડૉ. રેડ્ડીમાં ૪.૨૧

● અનુસંધાન પાન-૭ પર

## દાદર નગરના સાંસદ મોહન ડેલકરની મુંબઈમાં આત્મહત્યા

**હોટેલમાંથી ગુજરાતીમાં સ્યૂસાઈડ નોટ મળી આવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો**



મુંબઈ,તા.૨૨

સાંસદ મોહન ડેલકરનું આકસ્મિક નિધન થયું હોવાનું સામે આવ્યું છે. દાદરાનગર હવેલીના સાંસદનું આકસ્મિક નિધન થતા રાજનીતિમાં સોંપો પડી ગયો છે. દાદરાનગર હવેલીના સાંસદ મોહન ડેલકરનો મુંબઈની હોટલમાંથી મૃતદેહ મળી આવ્યો છે. સૂત્રો પાસેથી જાણા મળી રહ્યું છે કે સાંસદ મોહન હેલકરે મુંબઈની હોટલમાં આત્મહત્યા કરી લીધી છે, જેમની પાસેથી એક નોટ પણ મળી આવી છે. હોટેલમાંથી ગુજરાતીમાં સ્યૂસાઈડ નોટ મળી છે. જેને પગલે તેમણે આપઘાત કર્યો હોવાની આશંકા છે. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલવામાં આવ્યા હતા. હાલ તેમના મોત અંગે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

દીવ-દમણના સાંસદ મોહન ડેલકરનો મૃતદેહ સોમવારે મુંબઈની મરીન ડ્રાઈવ વિસ્તારમાં આવેલી એક હોટલમાંથી મળી આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં જ મુંબઈ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસને પ્રાથમિક તપાસમાં મૃતદેહ પાસેથી એક

● અનુસંધાન પાન-૭ પર

# પુંડુચેરીમાં કોંગ્રેસની સરકાર ગબડી

**બહુમતી સાબિત ન કરી શકતા નારાયણ સામીની સરકાર પડી : વોટિંગથી પહેલા કોંગી-ડીએમકેના સભ્યોનું વોકઆઉટ**

પુંડુચેરી, તા. ૨૨

પુડુચેરીના રાજકીય સંકટનું સોમવારે સમાપન થઈ ગયું. વિધાનસભામાં બહુમતી સાબિત ન કરી શકવાના કારણે કોંગ્રેસની નીત.વી નારાયણસામીની સરકાર પડી ગઈ. પુડુચેરીના ઉપરાજયપાલના આદેશ પર સોમવારે વી. નારાયણસામીને ગૃહમાં બહુમતી સાબિત કરવાની હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ પોતાના ભાષણમાં કેન્દ્ર સરકાર અને પૂર્વ ઉપરાજયપાલ કિરણ બેદી પર ગંભીર આરોપ લગાવ્યો. વોટિંગથી પહેલા જ કોંગ્રેસ અને ડીએમકેના ધારાસભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કરી દીધું, જે બાદ સ્પીકરે જાહેરાત કરી તે સરકાર બહુમતિ સાબિત કરવામાં નિષ્ફળ રહી છે.

જણાવી દઈએ કે કોંગ્રેસના ધારાસભ્યોના સતત રાજીનામા આપ્યા બાદ નારાયણસામી સરકાર પર સંકટ હતું. રવિવારે ત્રણમાંથી એક ડીએમકેના ધારાસભ્યએ રાજીનામું આપતા સરકાર પર વધુ સંકટ આવ્યું હતું. પહેલાથી જ માનવામાં આવી રહ્યું હતું કે ૩૩ સદસ્યની વિધાનસભામાં નારાયણસામી સરકાર માટે બહુમતિ સાબિત કરવી મુશ્કેલ છે. વિધાનસભામાં ફ્લોર ટેસ્ટથી ઠીક પહેલા મુખ્યમંત્રી વી. નારાયણસામીના ભાષણમાં ધારાસભ્યોનું બળવાખોર થવાનું દુઃખ સ્પષ્ટ

## પેટ્રોલિયમને જીએસટીના દાયરામાં લાવવા વિચારવું જોઈએ : સીતારમણ

**પેટ્રોલ ડીઝલના ભાવમાં ધરખમ ઘટાડા માટે જે વસ્તુની માગણી થઈ રહી હતી તેના પર વિચારણા થઈ રહી છે**

નવી દિલ્હી,તા.૨૨

પેટ્રોલ-ડીઝલના આગ ઝરતા ભાવે સામાન્ય જનતાને આંખે પાણી લાવી દીધા છે. નાણામંત્રી નિર્મલા સીતારમણને પણ હવે ચિંતા સતાવવા લાગી છે. નાણામંત્રીએ કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ હવે એક સાથે મળીને એવો રસ્તો કાઢવો પડશે જેનાથી ફ્યૂલના ભાવ ઓછા થઈ શકે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ચેન્નાઈ સિટિઝન ફોરમમાં બજેટ બાદ ચર્ચા પર બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે 'પેટ્રોલ ડીઝલના ભાવ વધવા એક અફસોસજનક મુદ્દો છે. કેન્દ્ર અને રાજ્ય બંને પેટ્રોલથી કમાણી કરે છે, આપણે પેટ્રોલિયમને જીએસટીના દાયરામાં લાવવાની વાત વિચારી શકીએ છીએ, બની શકે કે આ સમસ્યાનો આ જ એક ઉકેલ હોય. તેમણે કહ્યું કે જીએસટી કાઉન્સિલે સ્લેબ્સને તર્કસંગત બનાવવા અંગે વિચારવું જોઈએ. તેમણે કહ્યું કે આ એક અફસોસજનક મુદ્દો છે. જેનો જવાબ કિંમતો ઓછી કરવાથી બીજુ કઈ જ મંજૂર નથી.

તેમણે કહ્યું કે હું જાણું છું કે હું એક એવા સમયમાં રહું છું જ્યાં સચ્ચાઈની યોગ્ય તસવીર સામે લાવવા માટે જે કઈ પણ હું કહીશ, એવું લાગશે કે હું ગૂંચવવાની કોશિશ કરી રહી છું, હું જવાબ આપવાથી બચી રહી છું, હું આરોપોથી બચી રહી છું. તેમણે ટેક્સ સ્ટ્રેક્ચર સમજાવ્યું અને એ પણ કે કેવી રીતે ઓપીઈસી અને તેના સાથી દેશો તરફથી તેલ ઉત્પાદનમાં કાપની અસર ભારતમાં રીટલ કિંમતો પર પડે છે. તેમણે કહ્યું કે 'કદાચ તેનો જવાબ એ છે કે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા જોઈએ. જેનાથી ટેક્સમાં એકસમાનતા આવવાથી તેની કમીઓ પણ દૂર થઈ શકશે.

તેમણે કહ્યું કે 'આ એક તકલીફ આપનારો વિષય છે અને કોઈ પણ મંત્રી કોઈને પણ સંતુષ્ટ કરી નહીં શકે કારણ કે ભારતીય આખરે ભારતીય છે અને હું પણ તેમાંથી એક છું, એ સત્ય છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેએ તેના પર વાત કરવી પડશે.' હાલ કેન્દ્ર સરકાર પેટ્રોલ ડીઝલ પર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યૂટી વસૂલે છે.

## કૃષિ કાયદા પરત લેવામાં આવશે નહીં : નરેન્દ્રસિંહ તોમર

**કૃષિ મંત્રીએ કહ્યું, ક્યાંય કોઈ ભીડ ભેગી થઈ જાય અને કહી દે કે કાયદો બદલાવી નાખો તો તેમ થઈ શકે નહીં**

ગ્વાલિયર, તા.૨૨

કૃષિ કાયદાને ખતમ કરવાની કેન્દ્ર સરકારે એકવાર ફરી ના પાડી છે. પીએમ મોદી સરકારમાં કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરએ રવિવારે કહ્યુ કે, કિસાન યુનિયન પોતાની સમસ્યા જણાવે તો સરકાર કૃષિ કાયદામાં સંશોધન કરવા તૈયાર છે. કૃષિ મંત્રીએ તે પણ કહ્યુ કે, સરકાર કોઈપણ સમયે જરૂરી સંશોધન પર ચર્ચા કરવા તૈયાર છે. કૃષિ મંત્રીએ કહ્યુ, ક્યાંય કોઈ ભીડ ભેગી થઈ જાય અને કહી દે કે કાયદો બદલાવી નાખો તો તેમ નહીં થાય. તોમરે કહ્યુ કે, વાતચીતનો નિર્ણય ત્યારે થાય છે, જ્યારે કોઈ જણાવે કે કાયદામાં શું સમસ્યા છે. અમે પણ જાણવા ઈચ્છીએ છીએ કે કાયદામાં કિસાનની વિરુદ્ધ શું છે, એ તો કોઈ જણાવે. એવુ થોડુ થાય કે ભીડ ભેગી થઈ જાય અને કહી દે કે કાયદો હટાવી દો, એમ ન થાય. તોમરે કહ્યું કે, સરકાર ખુદ સમજવા ઈચ્છે છે કે ખામીમાં સંશોધન માટે તૈયાર છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી મોદી પણ કહી ચુક્યા છે કે સરકાર ચર્ચા કરવા તૈયાર છે. પરંતુ કિસાન નેતા પોતાની માંગો પર અડીગ છે. ગાઝીપુર અને સિંધુ બોર્ડર પર કિસાન નેતાઓની બેઠક જારી છે. આ સાથે ગરમીમાં પણ આંદોલન કઈ રીતે આગળ વધારવુ તેનો પ્લાન કિસાનો કરી ચુક્યા છે. ગરમીથી બચવા અહીં એસી અને કૂલરની વ્યવસ્થા થઈ રહી છે. ટેન્ટની સુવિધાઓ વધારવાની તૈયારી છે. કિસાન સંગઠનોનું કહેવું છે કે જ્યાં સુધી સરકાર કાયદો પરત લેશે નહીં, ત્યાં સુધી આંદોલન સમાપ્ત થવાનું નથી.

## ભારત અને ચીનની સેનાની પાછળ હટવાની પ્રક્રિયા પૂરી : રાજનાથ સિંહ

**ભારત અને ચીન વચ્ચે કૂટનીતિક અને સૈન્ય વાર્તાનો સિલસિલો ચાલ્યો પરંતુ ચીને દર વખતે વચન તોડ્યું હતું**

નવી દિલ્હી,તા.૨૨

પાછલા વર્ષે માર્ચ મહિનામાં ચીનની સેનાએ ભારતીય વિસ્તારમાં ઘુષણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પૂર્વી લદ્દાખમાં બન્ને દેશો વચ્ચે તણાવની સ્થિતિ બની ગઈ. ભારત અને ચીન વચ્ચે કૂટનીતિક અને સૈન્ય વાર્તાનો સિલસિલો ચાલ્યો પરંતુ ચીને દર વખતે વચન તોડ્યુ હતું. આ વચ્ચે ગલવાન વેલીમાં હિંસા પણ થઈ ગતી. લગભગ ૧૦ મહિના બાદ બન્ને દેશોની સેનાઓ પાછળ હટી રહી છે. દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહ એ કહ્યુ કે, બન્ને દેશોની વચ્ચે પાછળ હટવાની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહએ કહ્યુ કે, ભારત અને ચીન વચ્ચે નવ રાઉન્ડની રાજદ્વારી અને સૈન્ય સ્તરની વાર્તા બાદ પૂર્વી લદ્દાખમાં બન્ને દેશોની સેનાના પાછળ હટવાની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. રાજનાથ સિંહ અહીં પણ વિપક્ષ પર પ્રહાર કરવાનું ચુક્યા નહીં. તેમણે ભારતીય સેનાની બહાદુરી પર શંકા વ્યક્ત કરવાના મુદ્દે કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા.

રક્ષામંત્રીએ અહીં ભારતીય જનતા યુવા મોર્ચાના રાજ્ય સંમેલનમા કહ્યુ કે, દેશ પોતાની સરહદ પર કોઈપણ પ્રકારની એકતરફી કાર્યવાહીને મંજૂરી આપશે નહીં અને આ પ્રકારના પ્રયાસોને નિષ્ફળ કરવા માટે કોઈપણ કિંમત ચુકવશે. તેમણે કહ્યું કે, જ્યા સુધી હું જીવતો છું કોઈપણ ભારતની એક ઈંચ જમીન પર કબજો કરી શકશે નહીં. તેમણે કહ્યું, નવ રાઉન્ડની સૈન્ય તથા રાજદ્વારી વાર્તા બાદ સેનાઓની પાછળ હટવાની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે. પરંતુ દુર્ભાગ્યથી કોંગ્રેસ ભારતીય સેનાની બહાદુરી પર શંકા કરી રહી છે. શું તે સૈનિકોનું અપમાન નથી, જે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપે છે. ગલવાનમાં પાછલા વર્ષે ચીની સૈનિકોની સાથે ઘર્ષણમાં ૨૦ ભારતીય સૈનિક શહીદ થયા હતા. સંઘર્ષમાં ચીનના સૈનિકોના પણ મોત થયા હતા.

તેમણે કહ્યું કે, સરકારે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં ક્યારેય પણ દેશની એકતા, ક્ષેત્રીય અખંડતા અને સંપ્રભુતા સાથે સમજુતિ કરી નથી અને આમ ક્યારેય કરશે નહીં.

## દિલ્હી હવે દૂર નથી, દિલ્હી આસામના દરવાજે છે : મોદી

**અગાઉની સરકારોનો આ ક્ષેત્ર સાથે અછુત જેવો વ્યવહાર : વિધાનસભાની ચૂંટણી પહેલાં વડાપ્રધાને ખાસ પ્રવાસમાં હુગલીમાં ટ્રેનને લીલીઝંડી બતાવી, બંગાળને મેટ્રોની ભેટ**

નવી દિલ્હી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આસામ-બંગાળના પ્રવાસે છે. અહીં તેઓ કેટલીક મહત્વની યોજનાઓનું ઉદ્ઘાટન કરશે. વિધાનસભા ચૂંટણી પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આ પ્રવાસ ખાસ છે. તેઓ હુગલીમાં આજે ટ્રેનને લીલી ઝંડી બતાવશે, જ્યારે બંગાળને આજે મેટ્રોની ભેટ પણ આપી. સાથે જ તેઓ લોકોને પણ સંબોધન પણ કર્યુ.



આસામમાં વડાપ્રધાને કહ્યું કે, જે લોકોએ દાયકાઓ સુધી દેશમાં રાજ કર્યું તેમણે દિસપુરને દિલ્હીથી ઘણું દૂર માની લીધું. આ વિચારધારાને લીધે આસામને ઘણું નુકસાન થયું. પરંતુ હવે દિલ્હી દૂર નથી, દિલ્હી તમારા દરવાજે ઊભું છું. સાથે જ તેમણે કહ્યું કે, માછીમારી પર ખાસ ધ્યાન આપતાં અમારી સરકાર માછીમારી સાથે જોડાયેલ એક અલગ વિભાગ પહેલાં જ બનાવી ચૂકી છે. માછીમારીને પ્રોત્સાહન આપવા માટે જેટલું આઝાદી બાદથી ખર્ચ નથી થયો, તેમનાથી વધુ હવે અમારી સરકાર ખર્ચ કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે આસામને ૩,૦૦૦ કરોડથી વધુના ઉર્જા અને શિક્ષા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટની એક નવી ભેટ મળી રહી છે. સાથે જ તેમણે કહ્યું કે, નોર્થ બેંકમાં ભરપૂર સામર્થ્ય હોવા છતાં અગાઉની સરકારોએ આ ક્ષેત્ર સાથે સોતેલું વ્યવહાર કર્યું. અહીં કનેક્ટિવિટી, હોસ્પિટલ, શિક્ષા, ઉદ્યોગ અગાઉની સરકારોની પ્રાથમિકતામાં નજરે ના પડ્યાં. આસામમાં પીએમ મોદીએ કહ્યું કે, આત્મનિર્ભર બનતાં ભારત માટે સતત પોતાના સામર્થ્ય, ક્ષમતાઓમાં પણ વધારો કરવો જરૂરી છે.

## દેશના ૭૭૦ ટોલ પ્લાઝા પર ૧ માર્ચ સુધી ફ્રી ફાસ્ટટેગ મળશે

**વાહનચાલકો માટે મહત્વની જાહેરાત : ટોલ પ્લાઝા પરથી ફ્રીમાં પોતાના ફાસ્ટેગ મેળવી લેવા એનએચઆઈએની વાહન ધારકોને અપીલ કરવામાં આવી**

નવી દિલ્હી, તા. ૨૨

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા-એનએચઆઈએએ વાહન ધારકો માટે મહત્વની જાહેરાત કરતા ફાસ્ટેગ ફ્રીમાં આપવાનો નિર્ણય લીધો છે. એનએચઆઈએએ એક ટ્વીટમાં જાહેર કર્યું હતું કે, દેશના તમામ ૭૭૦ ટોલ પ્લાઝા પર એનઈટીસી પ્રોગ્રામ હેઠળ ૧ માર્ચ ૨૦૨૧ સુધી ફ્રી ફાસ્ટટેગની સગવડ ઉભી કરી છે. એનએચઆઈએએ વાહન ધારકોને અપીલ કરી હતી કે તેઓ ટોલ પ્લાઝા પરથી ફ્રીમાં પોતાના ફાસ્ટેગ મેળવી લે.

ડિજિટલ ઈન્ડિયા મિશનને પ્રોત્સાહન આપવા માટે નેશનલ હાઈવે ઓથોરિટીએ વાહન ચાલકોને ફ્રીમાં ફાસ્ટેગ આપવાના કાર્યક્રમની શરુઆત કરી છે. જે હેઠળ દેશના ૭૭૦ ટોલ પ્લાઝા પર પહેલી માર્ચ સુધી આરએફઆઈડી ટેગ ફ્રીમાં આપવામાં આવશે.

નેશનલ હાઈવે ઓથોરિટીએ એવી પણ જાહેરાત કરી હતી કે તેણે દેશના નેશનલ હાઈવે ટોલ પ્લાઝા પર ૧૦૦% કેશલેસ ટોલ કલેક્શનના લક્ષને સફળતાથી હાંસલ કરી લીધો છે. એનએચઆઈએએ અન્ય એક ટ્વીટમાં માહિતી આપતા જણાવ્યું કે ફાસ્ટેગની મદદથી ટોલ કલેક્શનનું પ્રમાણ માત્ર ચાર દિવસમાં ૨૩.૩ ટકા જેટલુ વધ્યુ હતું અને ૧૯ ફેબ્રુઆરીએ ફાસ્ટેગની મદદથી ૧૦૦ કરોડ રુપિયાના કલેક્શન ટાર્ગેટને મેળવી લેવાયો હતો.

એનએચઆઈએએ ફાસ્ટેગ રિચાર્જ કરવા માટે દેશવ્યાપી ૪૦ હજારથી વધુ બૂથ તૈયાર કર્યા છે. આ સિવાય ઓનલાઈ પ્લેટફોર્મ પરથી પણ રિચાર્જ સુવિધા છે. વાહન ચાલકો સીબીઆઈ, આઈસીઆઈસીઆઈ, એચડીએફસી, એક્સિસ જેવી બેક્રો અને પેટીએમ દ્વારા પણ ફાસ્ટેગ ખરીદી શકાય છે. આ સિવાય હાઈવેનો દૈનિક સ્તરે ઉપયોગ કરનારા વાહન ચાલકો માટે માય ફાસ્ટટેગ એપ લોન્ચ કરી હતી જેની મદદથી બેલેન્સ ચેક કરી શકાય છે.

તેમજ ફાસ્ટટેગ વોલેટમાં બેલેન્સ નોન-નેગેટિવ હશે તો યુઝર્સને ટોલ પ્લાઝા પર રોકવામાં આવશે નહી. આ સિવાય ટોલ પ્લાઝા પર ટેકનિકલ ખામીને લીધે ફાસ્ટેગ યુઝર્સને કોઈપણ ફી ચૂકવ્યા વગર જવાની મંજૂરી આપવામાં આવશે.

## ખેડૂતોનું સમર્થન મેળવવા ટિકૈત ગુજરાત આવશે

નવી દિલ્હી,તા.૨૨

ખેડૂત નેતા રાકેશ ટિકૈતે પોતાની મુહિમ અંગે મોટી જાહેરાત કરી છે. ટિકૈતે કહ્યું કે તેઓ કેન્દ્રના વિવાદિત કાયદા વિરુદ્ધ ચાલી રહેલા આંદોલન માટે સમર્થન મેળવવા જલદી ગુજરાતનો પ્રવાસ કરશે. ટિકૈતે આ ટિપ્પણી દિલ્હી-ઉત્તર પ્રદેશની સરહદ પર ગાઝીપુરમાં ગુજરાત અને મહારાષ્ટ્રના ખેડૂતોના એક સમૂહ સાથે મુલાકાત દરમિયાન કરી. રાકેશ ટિકૈત ગાઝીપુર બોર્ડર પર નવેમ્બરથી ડેરો જમાવીને બેઠા છે.

Vશાલ
SUPER MARKETની આજ
વેસેલીન બોડીલોશન
(ડીપ. મોશ્ચ્યુરાઈઝર 400 ML)
રૂ. ૧૨૦/- Off
સેક્ટર-૬/કુડાસણ